નાયબ વન સંરક્ષકશ્રી ની કચેરી,
ઘુડખર અભયારણ્ય, મયુર નગરવિસ્તાર,
હળવદ રોડ, ધ્રાંગધ્રા,
જી.સુરેન્દ્રનગર પીન: ૩૬૩૩૧૦

Email : dcf.dhg2014@gmail.com
ટેલીફોન:– (૦૨૭૫૪) ૨૬૦૭૧૬

ફેક્સ :– (૦૨૭૫૪)૨૮૨૬૨૯

ક્રમાંક:-અ/જમન/ટે.૩/૧૧૯ -૧૯૦ /૨૦૨૦-૨૧
ધ્રાંગધ્રા:- તા. ૨૫/૦૧/૨૦૨૧

પ્રતિ,
વન સંરક્ષકશ્રી,
વન્યજીવ વર્તૂળ,
ગાંધીનગર .

વિષય: **Proposal for diversion of Wild life Sanctuary area under the forest Conservation Act 1980 for laying under ground Optical Fiber Cable at Forest area for 0.03330 Ha area for Bharat Net Phese-II Project**

સંદર્ભ: ૧) ગુજરાત ફાયબર ગ્રીડ પ્રોજેક્ટ લી ના પત્રાંક:- GFGNL/DGM/Rajakot/2020-21/604 date 18/9/2019

૨) Government of Gujarat, Science and Technology Department sachivalay Grandhinagar G.R No NOF /102012/1085/IT/Part -II dated 18/10/2017

સાદર ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનુંકે, ગુજરાત ફાયબર ગ્રીડ પ્રોજેક્ટ લી દ્રારા વન સંરક્ષણ ધારા-૧૯૮૦ હેઠળની અન્ડર ગ્રાઉન્ડ ફાયબર ઓપ્ટીકલ કેબલ નાખવા માટેની દરખાસ્ત ને ઓનલાઇન કરી સંદર્ભ પત્ર -૧થી હાર્ડકોપી માં અત્રેને રજું કરેલછે જે દરખાસ્તમાં અત્રેના વિભાગનો ડાયવર્ઝન થતો જંગલ વિસ્તાર ૦.૦૩૩૩૦ હે છે . તથા યુઝર એજંસીને સંદર્ભ -૨ના પત્રથી રજીસ્ટ્રેશન ફી તેમજ પ્રોસેસિંગ ફી માં માફી આપવામાં આવેલ છે જેની નકલ આ સાથે સામેલ છે સદર દરખાસ્તમાં ડાયવર્ઝન થતા જંગલ વિસ્તાર ની વન સંરક્ષણ ધારા-૧૯૮૦ હેઠળની દરખાસ્ત નિયત નમુનાના ફોર્મમાં તૈયાર કરી આ સાથે નીચેની વિગતે ૪ નકલ માં સામેલ રાખી સાદર કરવામાં આવે છે જે આપ સાહેબશ્રીને વિદિત થાય

(૧) યોજનાનું નામ - Proposal for diversion of Wild life Sanctuary area under the forest Conservation Act 1980 for laying under ground Optical Fiber Cable at Forest area for 003330 Ha area for Bharat Net Phese-II Project

(૨) કામની એજંસી- ગુજરાત ફાયબર ગ્રીડ પ્રોજેક્ટ લી.

(૩) વન ખાતાનો માંગણીવાળો વિસ્તાર

| અ.નં | ગામનું નામ | તાલુકો | સર્વે નં | જંગલ વિસ્તાર (હે.) | માંગણી વિસ્તાર (હે.) |
|---|---|---|---|---|---|
| ૧ | ઝીંઝુવાડા | દસાડા | ૬૭૩/૨ | ૨-૬૧-૦૨ | ૦.૦૦૭૫ |
| ૨ | ઝીંઝુવાડા | દસાડા | ૬૭૩/૧/૨/૩ | ૬-૩૩-૩૫ | ૦.૦૦૧૧૯ |
| ૩ | વચ્છરાજપુરા | દસાડા | ૬૪ પૈકી | ૫૦-૫૯-૦૦ | ૦.૦૧૩૯ |

(૪) વન ખાતાની કાયદાકીય પરીસ્થિતી

| અ. નં | ગામનું નામ | તાલુકો | સર્વે નં | કલમ-૪ વિસ્તાર ( હે.આર) | કલમ-૨૦ વિસ્તાર (હે.આર ) | અભયારણ્ય વિસ્તાર(હે.) | સરકારશ્રીના જાહેરનામા ક્રમાંક,તારીખ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ઝીંઝુવાડા | દસાડા | ૬૭૩/૨ | ૨-૬૧-૦૨ | - | - | ગવન/૨૦૧૧/(૧૬)જજમ-૨૦૧૧ એસ-એફ-૯-એફ તા-૦૨/૦૯/૨૦૧૧ |
| ૨ | ઝીંઝુવાડા | દસાડા | ૬૬૭-૧/૨/૩ | ૬-૩૩-૩૫ | - | - | ગવન/૨૦૧૧/(૧૬)જજમ-૨૦૧૧ એસ-એફ-૯-એફ તા-૦૨/૦૯/૨૦૧૧ |
| ૩ | વચ્છરાજપુરા | દસાડા | ૬૪ પૈકી | ૫૦-૫૯-૦૦ | - | ૩૬૫.૯૬ | ગવન/૧૧૨-૮૭-/જજમ-૧૨૮૭-૩૩૯૬-વી-૩ તા-૧૬/૧૧/૧૯૮૭ |

(૫) કામનો હેતું- અન્ડર ગ્રાઉન્ડ ઓપ્ટીકલ ફાયબર કેબલ નાખવા માટે

(૬) વળતર વનીકરણ - વળતર વનીકરણ લેવાનું થતુ નથી

(૭) વન ખાતાનો અભિપ્રાય- સદરહું દરખાસ્ત ડાયવર્ઝન થતા અત્રેના વિભાગ હસ્તક ના જંગલ વિસ્તાર ૦.૦૩૩૩૦ હેક્ટર વિસ્તાર માંથી કોઇ વૃક્ષ કાપવાના થતા નથી તેમજ માંગણીવાળો વિસ્તાર કલમ-૪ હેઠળ જાહેર થયેલ જંગલ વિસ્તાર છે તથા સદર દરખાસ્ત ના માંગણીવાળા વિસ્તાર પૈકી વચ્છરાજ પુરા ગામનો વિસ્તાર જંગલ વિસ્તાર અભયારણ્ય વિસ્તાર પણ હોય સદર અભયારણ્ય વિસ્તાર ની દરખાસ્ત અલગથી યુઝર એજેંસી દ્વારાકરવામાં આવેલ છે જેને અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી વન્ય જીવ ગુજરાત રાજ્ય ગાંધીનગર ના પત્રાંક-WLP/32/B/4641-43.Dated-19/11/2020 થી મંજુરી આપવામાં આવેલ છે.સદર માંગણીવાળા વિસ્તારની અમો તથા યુઝર એજંસીના મેનેજરશ્રી તથા વા.સ્ટાફ બજાણા સાથે રહી સાઇટ વિઝીટ કરતા સ્થળે નીલગાય તથા ઘુડખર જેવા વન્ય પ્રાણીઓ જોવા મળેલ છે. પરંતુ સદર કેબલ જે.સી.બી. મસીનથી ખોદાણકરી ફાયબર ઓપ્ટીકલ કેબલ નાખી જમીન સમતળ કરવાની હોય વન્યજીવો માટે નડતર રૂપ કામગીરી જણાતી નથી તથા સદર પ્રોજેક્ટ ઓપ્ટીકલ કેબલ દ્વારા સદર વિસ્તાર નઆ આજુબાજુના ગામડાઓની ગ્રામ પંચાયતોને ઇન્ટરનેટ સુવિધા પુરી પાડવાનો હોય સદર ૦.૦૩૩૩૦ હે. ઓપ્ટીકલ ફાયબર કેબલ નાખવા માટેના જાહેરલોક હીતને ધ્યાને લઇ સદરહું દરખાસ્તને અત્રેથી ભલામણ છે.

(એસ.એસ.ચસોડા)
નાયબ વન સંરક્ષક
ઘુડખર અભયારણ્ય ધ્રાંગધ્રા

નકલ રવાના:- મેનેજરશ્રી ગુજરાત ફાયબર ગ્રીડ નેટવર્ક લી. બ્લોક નં ૬, ૫ મો માળ . ઉધ્યોગ ભવન સેકટર -૧૧ ગાંધીનગર તરફ જાણ થવા વિનંતી છે